અપીલ અરજી નં.૩૮૩, તા.૨૭–૨–૦૯

અરજદારઃ શ્રી સાવજ મહેન્દ્રભાઈ બાલુભાઈ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
તમામ ઝોન જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સાવજ મહેન્દ્રભાઈ બાલુભાઈની તા.૨૦–૧૨–૦૮ ની અરજીથી સુરત શહેરમાં તા.૧–૧–૨૦૦૧ થી આજ દિન સુધી કેટલા ગેરકાયદેસર બાંધકામ થયા તેની ઝોન લેવલે વોર્ડ–વાઈઝ નામ સરનામાની વિગત, સીલ મારવામાં આવેલ મિલ્કત ૨૬૦(૨) મુજબ નામ સરનામા ક્ષેત્રફળ વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨૭–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૩/૨૦૦૮–૦૯

શ્રી સાવજ મહેન્દ્રભાઈ બાલુભાઈની તા.૨૦–૧૨–૦૮ ની અરજીથી સુરત શહેરમાં તા.૧–૧–૨૦૦૧ થી આજ દિન સુધી કેટલા ગેરકાયદેસર બાંધકામ થયા તેની ઝોન લેવલેવોર્ડ–વાઈઝ નામ સરનામાની વિગત, સીલ મારવામાં આવેલ મિલ્કત ૨૬૦(૨) મુજબ નામ સરનામા ક્ષેત્રફળ વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૫ તા.૧૨–૩–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા તમામઝોન જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગ જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/૫૦૮૮ તા.૨૦–૩–૦૯ થી આપેલ માહિતીમાં અરજદારને નિરીક્ષણ કરવા પણ જણાવવામાં આવેલ છે તેવું પૂરક માહિતીમાં જણાવેલ છે. તથા ઝોન માહિતી અધિકારી પૈકી લીંબાયત ઝોન તરફથી સે.ઝોન/૪૫૧૯ તા.૨૩–૩–૦૯,કતારગામ ઝોન તરફથી એન.ઝેડ/આ.નં .૯૩૧૮ તા.૨૩–૩–૦૯ થી ઉધનાઝોન તરફથી એસ.ઝેડ/૯૨૫૬ તા.૨૫–૩–૦૯ અને સેન્ટ્રલ ઝોન તરફથી આરટીઆઈ/આંન.૧૬૫૪ તા.૨૭–૩–૦૯ થી, વરાછા ઝોન તરફથી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૩૩ તા.૧૮–૩–૦૯ થી રાંદેર ઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૯૫ તા.૩૦–૩–૦૯ થી અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯ તા.૨–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. તે જ રીતે અપીલ પશ્ચાત અરજદારને તા.૧૨–૩–૦૯ ના પત્રથી તેમની અપીલમાં કરેલ સમય મર્યાદા નહીં પૂરી પડાયેલ માહિતી અંગે મળેલી માહિતી આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ પરંતુ એવી કોઈ વિગતો અરજદારે પણ રજુ કરેલ નથી. પરંતુ અત્રેથી પાઠવેલ પત્ર અરજી તબદીલની નકલ શહેરી વિકાસ સેન્ટ્રલ ઝોન, વરાછાઝોન,ઉધનાઝોન,તરફથી મળેલી માહિતીની નકલો રજુ કરેલ છે.

અરજદારની તા.૨૭–૨–૦૯ ની અપીલ અરજી માં સમય મર્યાદામાં માહિતી નહીં મળ્યાની રજુઆત અંગે અરજદારે મ્યુ. કમિશ્નરની કચેરીએ તા.૨૦–૧૨–૦૮ ના રોજ સીધી અરજી કરેલ છે. જે તા.૨૭–૧૨–૦૮ ના રોજ નગર નિયોજક અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને દિન–૩ ના વિલંબથી મળેલ છે. ત્યાર બાદ તેમના તરફથી દિન–૧૬ ના વિલંબથી તમામ ઝોનના જાહેર માહિતી અધિકારીઓને નં.ટીડીઓ/૬૫૦૧ તા.૧૬–૧–૦૯ થી તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને શહેર વિકાસ તરફથી નં.ટીડીઓ/૪૫૦૮ તા.૫–૨–૦૯ થી, ઉધનાઝોન તરફથી નં.સા.ઝોન/ટેકે/આ.નં.૮૫૭૧ તા.૨૪–૨–૦૯ થી વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૩૩ તા.૧૦–૨–૦૯ થી બે પત્રમાં તથા તા.૧૨–૨–૦૯ થી વિષય સમાંતરે પત્રથી રૂ.૪૮૪૮ /– દસ્તાવેજ ફી ભરવા પત્ર પાઠવેલ છે. લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૨૦ તા.૨૩–૩–૦૯ થી ,કતારગામ ઝોન તરફથી એન.ઝેડ/આ.નં.૮૩૭૫ તા.૨૫–૨–૦૯ થી સેન્ટ્રલ ઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૪૫ તા.૪–૨–૦૯ થી રૂ.૮૧૬/– ભરી માહિતી મેળવવા જણાવેલ છે. પરંતુ અરજદારને માહિતી પૂરી પાડેલ નથી. જયારે રાંદેર ઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૯૫ તા.૩૦–૩–૦૯ થી તથા અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૯ તા.૨–૪–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડયાની નકલ પૂરક વિગતમાં પૂરી પડાયેલ છે. આ રીતે જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ અરજદારને માહિતી પૂરી પડાયેલ છે.

### હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧૨–૦૮ ની મૂળ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી વરાછાઝોન તથા સેન્ટ્રલ ઝોન તરફથી સમય અવધિ બાદ માહિતી અંગે ફી ભરપાઈ કરવા જણાવેલ હોઈ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા જણાવવામાં આવે છે. અપીલ તબકકે અન્ય જાહેર માહિતી અધિકારીઓએ માહિતી પૂરી પાડેલ હોઈ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ,**
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), તમામ ઝોન જાહેર માહિતી અધિકારી ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સાવજ મહેન્દ્રભાઈ બાલુભાઈ